# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com



CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૨/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૧૩૬ તા.૨૦.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૮૨/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી સાવલિયા અતુલભાઈ જે ગામ – સુરત

સબડીવીઝન: વિસાવદર-૨

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ ગ્રામ્ય-૧

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૨૬.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૬.૦૨.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, ૨૨૧/૨/૧ મોટી મોણપરી ગામની જમીન મારા નામ પર હોવા છતાં લાઇટ કનેક્શન ન આપવા બાબત.

નામ સાવલિયા અતુલકુમાર જીણાભાઇ અરજી કર્યાની તારીખ ૨૮/૫/૨૦૨૦ કનેક્શનનાં ડૉક્યુમેન્ટ નીચે મુજબ આપેલાં છે

આધારકાર્ડ, ફોટો, સહમતિ પત્રક, સાતબારની નકલ

અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ ઉપરોક્ત સંદર્ભ થી વિસાવદર તાલુકાનાં મોટી મોણપરી ગામના અતુલભાઈ જીણાભાઈ સાવલિયા દ્વારા પોતાના ખેતીવાડી સર્વે નં. ૨૨૧/૨/૧ માં વીજ જોડાણ ન આપવા બાબતની રજૂઆત ઉપરોક્ત સંદર્ભના પત્ર મુજબ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કરેલ છે. સદર કેઇસ ની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

૩.૧ શ્રી અતુલભાઈ જીણાભાઈ સાવલિયા, મુ. મોટી મોણપરી એ સર્વે નંબર ૨૨૧/૨/પૈ૧ માં નવું ૩ ફેઝ ખેતીવાડી વીજ જોડાણ માટે તારીખ ૨૮.૫.૨૦૨૦ ના રોજ જીણાભાઈ નાથાભાઈ સાવલિયા ના નામ ના ૭/૧૨ વગેરે જેવા સાધનિક પુરાવા જોડી કાગળો રજુ કરેલ હતા. જેમાં અતુલભાઈ જીણાભાઈ નું નામ જ ન હતું. ઉપરાંત રજુ કાગળો મુજબ જીણાભાઈ નાથાભાઈ કે જેના નામ ના ૭/૧૨ શ્રી અતુલભાઈ જીણાભાઈ એ રજુ કરેલ, તેઓ નું તારીખ ૧૧.૩.૨૦૨૦ ના અવસાન થયેલ હતું. જેથી તેઓ ના કાગળો મુજબ અતુલભાઈ જીણાભાઈ ના નામે નવું વીજ જોડાણ મળી શકે નહિ. જેથી તેઓને વિસાવદર-૨ પેવી કચેરી દ્વારા નિયમ મુજબ કાગળ રજુ કરવા ની જાણ કરેલ હતી. જેથી અરજદાર એ તારીખ ૨૦.૭.૨૦૨૦ ના રોજ તેના પોતા ના નામ વાળા ૭/૧૨ વગેરે કાગળો અન્ય ભાગીદારો ની સહમતી સાથે ના રજુ કરેલ.

૩.૨ આ બાબતના સાધનિક પુરાવા વાંધો લેનારે રજુ કરતા, આ બાબતે વિસાવદર-૨ પેવી કચેરી દ્વારા શ્રી પ્રાંત અધિકારી, મુ વિસાવદર ને સંબંધિત આધાર પુરાવા સાથે જાણ કરવા માં આવેલ. તેમજ તેઓ ને અભિપ્રાય આપવા વિનંતી કરવા માં આવેલ.

૩.૩ વધુમાં, નવા વીજ જોડાણ ની માંગણી કરનાર શ્રી અતુલભાઈ જીણાભાઈ સાવલિયા એ સીજીઆરએફ. માં સંદર્ભ-૧ થી અરજી કરતા વિસાવદર-૨ પેવી કચેરી દ્વારા રૂબરૂ ફરી પ્રાંત અધિકારી શ્રી ને આ વીજ જોડાણ આપવું કે નહિ તેનો અભિપ્રાય આપવા ફરી રજુઆત કરવામાં આવેલ. જેથી તેઓ દ્વારા હાલ આ કેસ ની સુનાવણી ચાલુ છે અને બંને પક્ષો હાજર રહેશે. જેની તારીખ ૪.૨.૨૦૨૧ ના રોજ તારીખ હોઈ રૂબરૂ હાજર રહેવા જણાવેલ.જેથી તારીખ ૪.૨.૨૦૨૧ ના રોજ પ્રાંત અધિકારી શ્રી, વિસાવદર દ્વારા આ કેસ ની સુનાવણી સમયે કેસ નો હુકમ ના થાય ત્યાં સુધી સીજીઆરએફ માં વધુ સમય મર્યાદા મેળવવા મૌખિક રીતે નાયબ ઈજનેર શ્રી, વિસાવદર-૨ પેવી કચેરી ને જાણ કરેલ છે.

૩.૪ આમ ઉપરોક્ત બાબતો અનુસાર સદર માંગણી વાળી જગ્યા માં પ્રાંત અધિકારી શ્રી, વિસાવદર ની કોર્ટમાં જગ્યા બાબત ના વિવાદની સુનાવણી ચાલુ હોઈ કોઈ જ કાર્યવાહી થઇ શકેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી નું આ કેઈસ સિવિલ કોર્ટ માં દાવા નં. 50/14 થી ચાલતો હોય, તો અત્રે ના ફોરમ દ્વારા કોઈપણ હુકમ કરવામાં આવતો નથી.

૪.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધઃ-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯